**તા. ૩૦/૫/'૦૮ ના રોજ યોજાનાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગ કોરમના અભાવે મળી શકેલ નહીં જે મિટિંગ માનનીય કુલપતિશ્રીની અનુમતિથી તા.૨/૬/'૦૮ નાં રોજ બોલાવવામાં આવેલ જે મિટિંગની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૨/૬/'૦૮ નાં રોજ બપોરે ૩:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન ,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | ગેર હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠક્કર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજ્યુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | ગેર હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. **યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેકચરરના તા.૨૫/૫/'૦૮ અને ૨૬/૫/'૦૮ નાં રોજ ઈન્ટરવ્યુની જે કાર્યવાહી હાથ ધરાયેલ તેને બહાલી આપવા બાબત :**

(નોંધ : રાજ્ય સરકારશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા ૩૫ શૈક્ષણિક જગ્યાઓની મંજૂરી મળેલ. જેમાંથી પ્રથમ તબકકામાં હાથ ધરાયેલ ઈન્ટરવ્યુ દરમ્યાન સાત અધ્યાપકશ્રીઓની નિમણૂંક થયેલ છે.

બાકીની રહેતી જગ્યાઓ ભરવા નિયત અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવેલ. એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા વિષય નિષ્ણાંતોની પેનલના જે નામો નકકી થયેલ તેમાંથી માનનીય કુલપતિશ્રીના આદેશાનુસાર દરેક વિષયમાં ત્રણ–ત્રણ વિષય નિષ્ણાંતો બોલાવવામાં આવેલ.

માનનીય નામદાર કુલાધિપતિશ્રી, કચ્છ યુનિવર્સિટીના પ્રતિનિધિશ્રીની હાજરીમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયા તા.૨૫/૫/'૦૮ તથા તા.૨૬/૫/'૦૮ નાં રોજ સંપન્ન થયેલ જેમાં પસંદગી પામેલ ઉમેદવારોના વિષયવાર બંધ કવરો સભામાં ખોલવામાં આવશે અને પસંદગી પામેલ ઉમેદવારોના નામોને બહાલી આપવાની ચર્ચા– વિચારણા હાથ ધરી નિર્ણય લેવા બાબત.)

સભ્યશ્રીઓની હાજરીમાં પસંદગી સમિતિના કવરો ખોલવામાં આવેલ હતા અને કયા વિષયમાં કોની પસંદગી થઈ છે તેના નામો ચર્ચવામાં આવ્યા હતા. ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

<u>ઠરાવ :–૧</u> **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે તા.૨૫/૫/'૦૮ તથા તા. ૨૬/૫/'૦૮ નાં રોજ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસર, રીડર, લેકચરરના ઈન્ટરવ્યુ માટે પસંદગી સમિતિએ કરેલ સમગ્ર કાર્યવાહીને બહાલી આપવામાં આવે છે.**

**જે શૈક્ષણિક જગ્યાઓ ખાલી રહી જવા પામેલ છે તે તાત્કાલિક ભરાય તે માટે પુનઃ જાહેરાત આપી કાર્યવાહી હાથ ધરવી.**

અધ્યક્ષશ્રીની અનુમતિથી નીચેના મુદ્દે ચર્ચા કરવામાં આવેલ હતી.

**૨. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ , સાપેડાની મળેલ ફરિયાદ બાબતે..**

ગત તા.૧૫/૫/'૦૮ ની એક્ઝિક્યુટીવની મિટિંગમાં થયેલ ચર્ચા અનુસાર એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી બેનર્જીએ આ બાબતે વધુ પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ફી રીસીપ્ટ – સમિતિને આપવામાં આવેલ પરંતુ ડોનેશન રીસીપ્ટ સમિતિને આપવામાં આવેલ નથી. પરંતુ રેકર્ડસ પરથી માતબર ડોનેશન સંસ્થાએ મેળવેલ છે. B.B.A.\ B.C.A. બન્ને ફી અલગ અલગ હોવા છતાં રૂા.૭૫૦૦/– સત્ર દીઠ ફી વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવે છે. પરિણામે પ્રથમ દ્રષ્ટિએ અનિયમિતતા જોવા મળે છે. સમિતિનો રિપોર્ટ હવેથી રજૂ કરવામાં આવશે.મિટિંગમાં એવી ચર્ચા પણ કરવામાં આવી કે જૂન–'૦૮ થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી ત્રણ નવી B.C.A./ B.B.A. કોલેજો શરૂ થવા જઈ રહી છે ત્યારે ચારેય કોલેજોની પ્રવેશ કાર્યવાહી કેન્દ્રીયકૃત પદ્ધતિ દ્વારા યુનિવર્સિટી હાથ ધરે જેથી વધુ ફી ઉઘરાવવાની સમસ્યા – ફરિયાદ ઉભી જ ન થાય. વિસ્તૃત ચર્ચા–વિચારણાના અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવ્યા.

<u>ઠરાવ :– ૨</u> **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટ્યુટ, સાપેડા પાસેથી B.C.A./ B.B.A. ની છેલ્લા બે વર્ષમાં હાથ ધરેલ પ્રવેશ કાર્યવાહી દરમ્યાન સંસ્થા તરફથી લેવામાં આવેલ ફી ની રીસીપ્ટની નકલો તેમજ સંસ્થાને મળેલ ડોનેશનની ફી રીસીપ્ટની નકલો મંગાવવી. પરિણામે સંસ્થાની મળેલ ફરિયાદો બાબતે રીસીપ્ટ જોઈને યોગ્ય તથા તપાસ સમિતિનો વિસ્તૃત રિપોર્ટ આવી ગયા બાદ નિર્ણય તરફ આગળ વધી શકાય.**

**વધુમાં એવું ઠરાવવામાં આવે છે કે B.C.A./ B.B.A. ની ત્રણ કોલેજો શરૂ થાય તે માટે યુનિવર્સિટી દ્વારા રાજય સરકારને જે ભલામણ કરવામાં આવેલ છે તેવી સંસ્થાઓને રાજય સરકારશ્રી, શિક્ષણ વિભાગ પાસેથી સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી જો જલ્દીથી મળી જાય તો યુનિવર્સિટી સંલગ્ન ચારેય B.C.A./ B.B.A. ની કોલેજોની પ્રવેશ કાર્યવાહી કેન્દ્રીયકૃત પદ્ધતિએ હાથ ધરવી. જો ઉકત ત્રણ નવી કોલેજોને સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં સમય જાય તેમ જણાય તો એસ.આર.કે. ઈન્સ્ટીટ્યુટ, સાપેડાની B.C.A./ B.B.A. ના પ્રથમ વર્ષની પ્રવેશ કાર્યવાહી યુનિવર્સિટીએ કેન્દ્રીયકૃત પદ્ધતિએ હાથ ધરી વિદ્યાર્થીઓની ફાળવણી સંબંધિત સંસ્થાને કરી આપવી જેથી શૈક્ષણિક દિવસો બગડે નહીં.**

૩. **તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તથા તોલાણી કોમર્સ કોલેજમાં પ્રવેશ બાબતે સર્જાયેલ સમસ્યા બાબત..**

તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ તેમજ તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરમાં પ્રથમ વર્ષ B.A.\ B.Com. માં સર્જાયેલ પ્રવેશ સમસ્યા બાબતે તોલાણી મેજેનમેન્ટ અંજારના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાથી ઈન્કાર કરી દીધેલ અને લોકલ વિસ્તારોના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવા બાબતે લીધેલ નિર્ણય અનુસંધાને અંજારના વાલીઓએ વિરોધ જતાવેલ અને પ્રશ્નનું નિરાકરણ ન થાય ત્યાં સુધી પ્રવેશ બંધ રાખવાનો નિર્ણય મેનેજમેન્ટે લીધેલ.

આ પ્રશ્નના ઉકેલ માટે સભ્યશ્રીઓએ વિસ્તૃત ચર્ચા કરેલ અને ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો નિર્ણય લેવાયેલ.

ઠરાવ :–૩ **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે પ્રવેશ બાબતે કોઈ વિસ્તારના ફોર્મ ન સ્વિકારવા બાબતે નિર્ણય મેનેજમેન્ટ/ સંસ્થા લઈ શકે નહી અને મેરિટ આધારીત પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની રહે. આ બાબતે માનનીય કુલપતિશ્રીને મેનેજમેન્ટને બોલાવવા અને પ્રશ્નોનું નિરાકરણ કરવાની સત્તા સોંપવામાં આવે છે.**

૪. **સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓની લઘુત્તમ લાયકાત પૂર્ણ કરવા બાબત..**

આ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવ્યા બાદ તેની સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓની જે ભરતી પ્રક્રિયા હાથ ધરાયેલ છે જેમાં રાજ્ય સરકારશ્રીના અધ્યાપક સહાયકના ઠરાવ મુજબ જો કોઈ અધ્યાપક Ph.D/ M.phil કે NET\ SLET જેવી લાયકાત ન ધરાવતો હોય તો ચોકકસ સમયગાળામાં તે લાયકાત પૂર્ણ કરવા અનુસંધાને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં અધ્યાપકશ્રીઓને વહિવટી મંજૂરી બે વર્ષના સમયગાળામાં Ph.D/ M.phil કે NET\ SLET પાસ કરી લેવાની શરતે આપવામાં આવેલ.

સંલગ્ન કોલેજના અમુક અધ્યાપકશ્રીઓએ તે લાયકાતો પૂર્ણ કરી પરંતુ ઘણાં અધ્યાપકો આ બાબતે ઉદાસીન રહેલ છે. પરિણામે યુનિવર્સિટીએ આ બાબતે સંસ્થાઓને તેમની કોલેજોમાં ચાલુ અધ્યાપકશ્રીઓમાંથી જે અધ્યાપકે આ લઘુત્તમ લાયકાત પૂર્ણ કરેલ ન હોય તેમના ફરીથી ઈન્ટરવ્યુ યોજવા તથા નવેસરથી તેમની વહિવટી મંજૂરી મેળવા બાબતે પત્ર લખેલ. આ પત્રના અનુસંધાને ફેરવિચારણા કરવા બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરાયેલ અને નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ.

ઠરાવ :–૪ **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે NET\ SLET માંથી SLET ની પરીક્ષાઓ છેલ્લા બે–એક વર્ષથી નિયત સમયે યોજાયેલ નથી પરિણામે SLET પરીક્ષામાં આવા અધ્યાપકશ્રીઓ પરીક્ષા આપી શકેલ નથી. NET પરીક્ષા પાસ કરવી એ અઘરી બાબત છે. વધુમાં નવી યુનિવર્સિટી હોય Ph.D. ગાઈડ હજુ જોઈએ તેટલી સંખ્યામાં ઉપલબ્ધ નથી પરિણામે Ph.D/ M.phil કે NET\ SLET બાબતે હજુ વધુ બે વર્ષનો સમય આપીએ જે સમયમર્યાદામાં અધ્યાપકે લઘુત્તમ લાયકાત પૂર્ણ કરી લેવાની રહે. વધુમાં યુનિવર્સિટીમાં ચાલતા અનુસ્નાતક ભવનોમાં આવા In service અધ્યાપકશ્રીઓ માટે શકય હોય તેવા ભવનોમાં part time M.Phil પ્રોગ્રામ શરૂ કરવામાં આવે જેમાં આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના અધ્યાપકશ્રીઓ ભાગ લઈ પોતાની લાયકાત સુધારે.**